## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**પત્રકાર તમે ત્યાં જાવ... ભલે ઉપવાસ કરનારની માંગ કૃષિને લગતી હોય... પણ અમારા કરતાં પહેલી જવાબદારી આરોગ્ય મંત્રાલયની બને છે...!!**

# જિલ્લામાં વધુ ત્રણ જુગારનાં અડ્ડાઓ પર પોલીસનાં દરોડા

### એલસીબીની ટીમે દહેગામના સોલંકીપુરા અને કલોલના પંચવટી વિસ્તારમાં દરોડો પાડયો : ડભોડા પોલીસનો રતનપુર ગામમાં દરોડો

ગાંધીનગર, તા. ૬

સાતમ-આઠમ ગઈ છતાંય હજુ શ્રાવણીયો જુગાર રમતા જુગારીયાઓએ બોર્ડ બેસાડવાનુ ચાલુ રાખ્યુ છે. જિલ્લામાંથી વધુ ત્રણ




સ્થળો પર પોલીસે દરોડા પાડીને જુગારીઓ પકડી પાડયા છે. એલસીબીની એક ટીમે દહેગામ તાલુકાના સોલંકીપુરા ગામમાં દરોડો પાડ્યો હતો જ્યારે એલસીબીની બીજી ટીમે કલોલ પંચવટી વિસ્તારમાં એક બંગલામાં ચાલતુ જુગારધામ પકડ્યું હતું. તે ઉપરાંત ડભોડા પોલીસે રતનપુર ગામની સીમમાં દરોડો પાડી બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડી પાડયા હતા. ત્રણેય દરોડામાં પોલીસે નવ શકુનિઓને પકડી પડ્યા છે જ્યારે ચાર શખ્સો ફરાર થવામાં સફળ રહ્યા હતા. ત્રણેય દરોડામાં પોલીસે સવા લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર થઈ ગયેલા શકુનિઓને પકડવા કવાયત તેજ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમે દહેગામ તાલુકાના સોલંકીપુરા ગામમાં દરોડો પાડી બે શકુનિઓને પકડી પડ્યા હતા જ્યારે ત્રણ શખ્સો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. રૂ.૯૭૫૦ ના રોકડ મુદ્દામાલ સાથે પોલીસે સોલંકીપુરા ગામના વિવેક સેતાનસિહ સોલંકી અને ગણપત




પ્રેમસિંહ સોલંકીની ધરપકડ કરી લઈ ફરાર થઈ ગયેલા અન્ય ત્રણ આરોપીઓને પકડવા કવાયત તેજ કરી છે. તો બીજી તરફ એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમે કલોલ પંચવટી માં આવેલા શુભ આંગન બંગલોઝમાં દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સોને પકડી પાડયા હતા. મકાન નંબર ૨૭ માં રહેતા ધર્મેશ ઉર્ફે સંજય ગોવિંદ પ્રજાપતિના ઘરે દરોડો પાડી આ ટીમે ધર્મેશ ઉપરાંત કલોલના સઈજ ખાતે રહેતા માણેકલાલ રણછોડભાઈ પટેલ, જેપી ગેટ પાસે પ્રકાશ કુંજ ફ્લેટમાં રહેતા સુરેન્દ્ર લાલબહાદુર યાદવ, મૂળ સરઢવના અને હાલ અંબિકા સોસાયટીમાં રહેતા શૈલેષ કનુભાઈ પટેલ અને મૂળ સરઢવ ના તથા હાલ કલોલના જેપી ગેટ



પાસે આવેલા પ્રકાશ કુંજ ફ્લેટમાં રહેતા પ્રવીણ ગોરધનભાઈ પટેલ મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૩૪,૫૫૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ડભોડા પી.એસ.આઈ એચ.જી.દેસાઈ ની ટીમે રતનપુર ગામમાં દરોડો પાડી જુગાર રમી રહેલા ત્રણ શખ્સો પૈકી બે શખ્સોને પકડી પાડયા હતા જ્યારે એક શકુની ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. ડભોડા પોલીસે બકા ચંદુ બિહોલા અને લાલજી અંબાલાલ ઠાકોરની બે મોબાઈલ બે વાહન અને રોકડ મળી કુલ રૂપિયા ૮૩ હજારનો મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે જ્યારે સરગાસણનો લાલભાઈ વાળંદ નામનો શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. તેને પકડવા ડભોડા પોલીસે કવાયત શરૂ કરી છે.

## રવિવારે ઉનાવાના વિદ્યાર્થી આશ્રમ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ચિન્મય કલ્યાણ ટ્રસ્ટ દ્વારા આયોજિત પ્રજનાં હેલ્થકેરના સહયોગથી ૯-૯-૨૦૧૮ રવિવારના રોજ નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ વિદ્યાર્થી આશ્રમ, ભાગોળ, ગામ-ઉનાવા (બાલવા), ગાંધીનગર ખાતે સવારે ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી યોજવામાં આવ્યો છે. જેમાં ઉનાવાના આસપાસ આવેલ તમામ ગામના નાગરિકોને નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. આ કેમ્પમાં વિવિધ રોગો માટેના મોટી સંખ્યામાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહેવાની છે. જેમાં આંખના રોગો, બાળ રોગો, ફેફસાના રોગો, દુખાવાના રોગો, હાડકાના રોગો, હૃદયનાં રોગો, મગજના રોગો, પેશાબ અને કિડનીના રોગો, દાંતના રોગો, કસરતના નિષ્ણાત, પેટના રોગો, હોમીયોથેરાપી દ્વારા સારવાર, ચામડીના રોગો, સ્ત્રી રોગોના નિષ્ણાત, મણકાના રોગો અને ડાયાબિટીસના નિષ્ણાત તેમની સેવાઓ આપશે.

## ભાજપના સભ્યોની સામાન્ય સભામાં ગેરહાજરી અંગે કારણદર્શક નોટીસ આપવા માંગ

### વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ રાજકીય કૂકડી મારી નવો દાવ ખેલ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની તા. ૧૪ સપ્ટેમ્બરે મળનારી બેઠકમાં ભાજપના સભ્યો કોઈપણ પ્રકારનો રજા રિપોર્ટ ૩૦ ઓગષ્ટની સામાન્ય સભા માટે મુક્યા વગર સામાન્ય સભામાં ગેરહાજર રહેવાની વૃત્તિ સામે આ સભ્યોને કારણદર્શક નોટીસ આપવી જોઈએ તેવી દરખાસ્ત કોંગ્રેસ પક્ષના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેયરને મોકલી આપી છે.

કોંગ્રેસ દ્વારા આવી દરખાસ્ત રજુ થઈ હોવાની વાતને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. આ દરખાસ્ત હવે મેયર પ્રવિણ પટેલ દાખલ કરે છે કે નહિ તેના પર સૌની મીટ મંડાયેલી છે.

૧૪મી સપ્ટેમ્બરે મળનારી આ દરખાસ્તનું રાજકીય મહત્વ વિશેષ છે. ૩૦મી ઓગષ્ટની સામાન્યસભામાં ભાજપી સભ્યો મનપાની કચેરીમાં હાજર હોવા છતાં બેઠકમાં હાજરી નહિ આપી સામાન્યસભા તેમજ મેયર પદની ગરિમાને હાનિ પહોંચાડી હોવાનું કોંગ્રેસે તેની દરખાસ્તમાં કહ્યુ છે.

તેમણે આ દરખાસ્તમાં સત્તાધારી પક્ષ દ્વારા લોકશાહી વિરોધી પ્રદર્શનને ગંભીરતાથી લઈ સભ્યોને કારણદર્શક નોટીસ આપવી જોઈએ તેવી માંગ કરી છે. આ દરખાસ્તને રાકેશ પટેલે સમર્થન આપ્યું છે.

૩૦મી ઓગષ્ટના રોજ રંગમંચનો ભાડા-વધારો પાછો ખેંચવાની કોંગ્રેસની દરખાસ્ત સામે ભાજપના તમામ સભ્યો મેયર સિવાયના ગેરહાજર રહ્યા હતા અને દરખાસ્તને પુનઃ વિચારણા માટે સ્થાયી સમિતિને મોકલવાનો નિર્ણય લેવાયો હતો.

વિદેશ પ્રવાસેથી પરત ફરેલા મેયરે રાજકીય કૂકડી મારી અને પગાર-વધારો કાઉન્સીલરોનો જે સરકારે મંજૂર કર્યો છે તેને સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરેલ છે. આ એક માત્ર એજન્ડા સામે વિપક્ષી નેતાએ પણ બીજો દાવ ખેલી ભાજપની તિરાડનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ધીમી ગતિએ છવાઈ રહી છે. જોકે હાલ તો મેયરની કોટમાં બોલ હોવાથી ૧૪મી સુધી રાહ જોવી પડશે. જોકે કોંગ્રેસે સમય મર્યાદામાં દરખાસ્ત આવી હોવાથી ચર્ચામાં લેવી જ પડશે તેવુ કેટલાક કાનૂન વિદોનો અભિપ્રાય છે.





ગાંધીનગર જિલ્લાના સરઢવ ખાતે પાટીદારો દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં પ્રતિક ઉપવાસ તથા રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના પાટીદારોએ ભાગ લઈ પાટીદાર અનામત આંદોલન તથા ખેડૂતોની દેવા માફીની માંગને સમર્થન આપ્યું હતું.

## ભાઈજીપુરામાં ધો. ૧થી ૫ના વર્ગખંડો વચ્ચે એક જ શિક્ષક

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરથી ૪ કિ.મી.થી પણ ઓછા અંતરે આવેલ ભાઈજીપુરા ગામમાં પાંચ ધોરણની શાળા માત્રને માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. આ શાળા ધો. ૧ થી ૫ની છે અને પાંચ ધોરણ વચ્ચે એક જ શિક્ષક છે. શિક્ષણતંત્રની આવી લાલિયાવાડી સામે ગ્રામજનોમાં ચિંતાની લાગણી ઉભી થઈ છે. એક તરફ ગુણોત્સવ, મિશન વિદ્યા જેવા કાર્યક્રમો ચાલી રહ્યા છે અને ગુણવત્તાસભર શિક્ષણની વાતો જોરશોરથી થઈ રહી છે ત્યારે આ ગામને કેમ અન્યાય કરાય છે તેવી લાગણી ગ્રામજનોમાં પ્રવર્તી રહી છે. એક હજારની વસ્તી ધરાવતા આ ગામને આમ તો કુડાસણના પરા તરીકે લોકો વધુ ઓળખે છે. આ મુદ્દે જિલ્લા પંચાયતના સભ્યને પણ રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## રાયસણ પ્રાથમિક શાળાનુ નવું મકાન બનાવવામાં ચૂંટણીપંચનું ગ્રહણ લાગ્યું

### ચૂંટણી અધિકારીએ આદેશ કર્યો કે મતદાન મથક અન્ય જગ્યાએ ના ખસેડી શકાય માટે રૂમ ઉતારવા નહિ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં રાયસણ ગામની પ્રા. શાળાના ઓરડા ઉતારવાનો નિર્ણય લેવાયાને છ માસથી પણ વધુ સમય પસાર થયા પછી તંત્ર હવે પોલિંગ બુથ બદલવુ પડે જે શક્ય નથી તેમ કહી આ માટેનો વર્ક ઓર્ડર આપવાનું ટાળી રહેલ છે જેને લઈ ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે તેમજ હવે પછીની ચૂંટણીમાં મતદાનનો જ બહિષ્કાર કરવાનો નિર્ણય કરી અને આંદોલન છેડવાનો મૂડ બનાવી રહેલ છે.

આ પ્રા. શાળાના પહેલા ઉપરના માળના ચાર ઓરડા ઉતારી લેવાની મંજૂરી આપી હતી આ પછી રજુઆતો અને સામાન્ય સભામાં કોંગીના બેચરજી ઠાકોરના હઠાગ્રહથી નીચેના પણ ઓરડા ઉતારી લેવાનો નિર્ણય લેવાયો હતો.

આ માટે સર્વશિક્ષા અભિયાન દ્વારા ટેન્ડર પ્રક્રિયા પણ થઈ ગઈ અને શાળાને વૈકલ્પિક જગ્યા શોધી બાળકોને તે નવી જગ્યાએ બેસાડવાની સૂચનાઓ પણ તંત્રએ આપતાં ગ્રામજનોએ ભાડાની જગ્યામાં બાળકોને બેસાડવાનું પણ શરૂ કરી દીધુ.

હજુ ચૂંટણીને છ માસથી પણ વધુ સમય બાકી છે પણ ચૂંટણી અધિકારીએ પોલિંગ બુથ આ શાળામાં હોવાથી ઓરડા નહિ ઉતારવાનો આદેશ જારી કરતાં ગ્રામજનોમાં રોષ ઉભો થવા પામ્યો છે.

ગ્રામજનો કહે છે કે પ્રાથમિક શાળાનું ભાડાનું ભારણ કેવી રીતે સહન કરવું ? શું દિવા તળે જ અંધારૂ છે ? જો તંત્ર એની મુન્સફી પર ચાલતુ હોય તો પ્રજાનો અવાજ છે અને જરૂર પડ્યે અમે મતદાનનો બહિષ્કાર કરતાં પણ અચકાઈશુ નહિ.

યોગાનુયોગ આ ગામ એ તાલુકા પંચાયતના પ્રમુખનું પણ વતન છે. ગ્રામજનો પક્ષીય રાજકારણ નહિ પણ પ્રજાની આ વેદનાને તંત્ર ઉકેલી ના શકે તો પછી લોકશાહી માટે મતદાન ન કરવુ એ વધારે હિતાવહ છે.

## કો. ઓપ. બેન્ક ઓફ ઈન્ડિયાના ચેરમેન પદે બિનહરીફ પુનઃ ઘનશ્યામભાઈ અમીન

ગુજરાત રાજ્ય સરકારી સંઘ અમદાવાદના ચેરમેન ઘનશ્યામભાઈ એચ. અમીન કો.



ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડીયા ન્યુ દિલ્હીની ચૂંટણીમાં પાંચ વર્ષની મુદત માટે પુનઃ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.


રાષ્ટ્રની ક્રેડિટ સેક્ટરની મહત્વની અપેક્ષ સંસ્થા કો. ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા જેની ગર્વનિંગ કાઉન્સીલમાં દેશભરની તમામ સરકારી બેંકો, મલ્ટી સ્ટેટ કો.ઓપ. એક્ટ હેઠળની અર્બન બેંકો, તમામ રાજ્ય કો. ઓપરેટિવ એગ્રીકલ્ચર, બેન્કો, નેશનલ કો. ઓપરેટીવ ફેડરેશનો, નાફસ્કોબ વગેરે સંસ્થાઓ સભાસદ હોય છે. પ્રથમ ગુજરાતી ચેરમેન તરીકે પુનઃ બિનહરીફ પદે ઘનશ્યામભાઈ અમીન ચૂંટાઈ આવેલ છે. જેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## ગુજરાત રાજય તલાટી મહામંડળ પડતર પ્રશ્નો અંગે આંદોલનના માર્ગે

### પડતર પ્રશ્નના ઉકેલ માટે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૬

ઘણા લાંબા સમયથી તલાટી કમ મંત્રી (પંચાયત) સંવર્ગના પ્રશ્નોની ગુજરાત રાજય ત.ક.મંત્રી મહામંડળ દ્વારા સરકારમાં વારંવાર રજુઆત



છતા હજુ સુધી કોઈપણ પ્રશ્નનો ઉકેલ ન આવતા રાજયના ૧૧ હજાર તલાટી કમ મંત્રીઓમાં રોષ ભભુક્યો છે. ત્યારે આજે ગુજરાત રાજય તલાટી મહામંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી તલાટી કમ મંત્રીઓના પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા રજુઆત કરાઈ છે. જો ટુંક સમયમાં સરકાર દ્વારા હકારાત્મક વલણ નહીં અપનાવવામાં આવે તો તલાટી મંડળ દ્વારા તબક્કાવાર આક્રમક કાર્યક્રમ આપવામાં આવશે. તા.૧૦ સપ્ટેમ્બરના રોજ કાળીપટ્ટી ધારણ કરી ફરજ બજાવશે, તા.૧૭ ના રોજ પેન ડાઉન કાર્યક્રમ તેમજ તા. ૨૯ ના રોજ માસ સીએલનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

ગુજરાત રાજય તલાટી મહામંડળના છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો છે. જેમાં ફિકસ પગારથી ભરતી થયેલા ત.ક.મંત્રી ને પ્રથમ પાંચ વર્ષ કોઈ લાભ મળતા નથી. જેઓને નવ વર્ધિત પેન્શન યોજના હેઠળ જીવન નિર્વાહ પણ ન થાય તેટલું પેન્શન આપવાની નિતી બંધ કરી જુની પેન્શન યોજના શરુ કરવી, સરકાર દ્વારા ૧૮૦૦ મહેસુલ તલાટીઓની ભરતી કરવામાં આવી છે ત્યારે તેઓને કરવાની કામગીરી આજદિન સુધી કરતા નથી કે ગામમાં હાજર રહી ફરજ બજાવતા નથી. હાલમાં ૪૧૯૯ મહેસુલી તલાટીઓ ઉપલબ્ધ હોવા છતા મહેસુલ કામગીરી તલાટીકમ મંત્રી પાસે કરાવવા સરકારી તંત્ર આગ્રહ રાખે છે.એક સંવર્ગમાંથી ઉભી કરવામાં આવેલ જગ્યાની કામગીરી વહેંચણી સમાન ધોરણે ન થાય ત્યાં સુધી તલાટી કમ મંત્રી દ્વારા મહેસુલી કામગીરી કરવામાં આવશે નહી.

## બોર્ડ નિગમના કર્મચારીઓ પડતર માંગણીઓને લઈ આંદોલનના માર્ગે

### ૨૦ સપ્ટેમ્બર સુધીમાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર લડતના મંડાણ

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજય બોર્ડ નિગમ-સરકારી સાહસોનું કર્મચારી મંડળની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં હજુ સુધી બોર્ડ નિગમના કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. બોર્ડ નિગમના કર્મચારીઓ અંગે સરકાર ભેદભાવભર્યુ વલણ રાખી રહી છે. જેથી બોર્ડ નિગમના કર્મચારી મંડળ દ્વારા સરકારને આગામી તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક વલણ નહીં અપનાવવા આવે તો તા.૧-૧૦-૧૮ થી રીસેષના સમયે સુત્રોચ્ચાર કરવા ત્યારબાદ કાળી પટ્ટી ધારણ કરવી અને તા. ૩૦-૧૧-૧૮ ના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાશે. આ ધરણાના કાર્યક્રમમાં રાજયભરમાંથી બોર્ડ નિગમના કર્મચારીઓ હાજર રહીને સરકાર સામે ઉગ્ર લડત આપશે.

બોર્ડ નિગમ સરકારી સાહસોના કર્મચારી મંડળના મુખ્ય પ્રશ્નોમાં નિવૃત વય મર્યાદા ૬૦ વર્ષ કરવી, વર્ગ-૩ અને વર્ગ-૪ માં કર્મચારી ચાલુ નોકરીએ મૃત્યુ પામે તો તેમના આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાની જુની નિતી ફરીવાર અમલમાં મુકવી, છઠ્ઠા અને સાતમા પગારપંચનું મોંઘવારી ભથ્થુ તાત્કાલીક અસરથી રોકડમાં ચુકવવું, સાતમાં પગાર પંચનું બાકી નીકળતુ એરીયર્સની ચુકવણી કરવી, મેડીકલ પોલીસી કેશલેસ ચાલુ કરવી જેમાં આવક મર્યાદા દુર કરવી, આઉટસોર્સિંગ પ્રથા દુર કરવી, બોર્ડ નિગમના તેમજ સરકારી સાહસોના કર્મચારીઓ જે સ્થળે ફરજ બજાવતા હોય તે સ્થળે પ્લોટ આપવા, નગરપાલિકામાં ૪૮ ટકા મહેકમ ખર્ચની મર્યાદા સદંતર દુર કરવામાં આવે તે સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે.ત્યારે સરકાર સમક્ષ અનેકવાર રજુઆત છતા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.ત્યારે તા. ૨૦ સપ્ટેમ્બર સુધીમાં સરકાર તરફથી હકારાત્મક વલણ નહીં અપનાવવામાં આવે તો કર્મચારીઓ આંદોલનના મુડમાં જણાયા છે.





ગાંધીનગરના ટાઉનહોલ ખાતે શહેરની સંસ્થા કલાગુર્જરી દ્વારા નાટક 'ખેલ ખેલમાં અગનખેલ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં કલારસિકોએ આનંદ માણ્યો હતો.

**જાહેરાત ૦૨-૨૦૧૮**

ધોલેરા સ્પેશયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧-૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં નીચે દર્શાવેલ જુદીજુદી કામગીરી માટે એજન્સી નક્કી કરવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી Online ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ Online ટેન્ડર www.nprocure.com સાઈટ ઉપર ઉપલબ્ધ છે. Online ટેકનીકલ તથા નાણાંકીય બીડના ટેન્ડર ભરીને અપલોડ કરવાની છેલ્લી તા. ૨૪/૯/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક છે.

**(૧) વાહન સુવિધા પુરા પાડવા માટે**
આ અંગેના ટેન્ડર તા. ૨૬/૯/૨૦૧૮ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

**(૨) જુદી જુદી કામગીરી માટે મેનપાવન પુરા પાડવા માટે** (નક્કી થનાર એજન્સીની સેવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ તથા તેના હસ્તકની કચેરીઓમાં ઉપયોગમાં લેવામાં આવશે.)
આ અંગેના ટેન્ડર તા. ૨૬/૯/૨૦૧૮ના રોજ ૧૭.૦૦ કલાકે ખોલવામાં આવશે.

Online અપલોડ કરવામાં આવેલ દરેક ટેન્ડરની ટેકનીકલ બીડની નકલ સીલબંધ કવરમાં ઉપરોક્ત કચેરીમાં તા. ૨૪/૯/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજી.પોસ્ટ એ.ડી. / રૂબરૂ મોકલી આપવાના રહેશે. આ દરેક ટેન્ડરની નકલ સાથે 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) રજૂ કરવાનો રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

**તા. ૪/૯/૨૦૧૮** — **મુખ્ય કારોબારી અધિકારી**
**સ્થળ : ગાંધીનગર** — **ડીએસઆઈઆરડીએ**
માહિતી/૧૪૯૨/૧૮-૧૯